# ભારતીય બંધારણ પરિચય : આમુખ

ભારતીય બંધારણની શરૂઆત 'આમુખ'થી થાય છે. આમુખ એટલે પ્રસ્તાવના. ભારતીય બંધારણના આમુખનું પ્રારૂપ બંધારણીય સલાહકાર સર બી.એન.રાવે તૈયાર કર્યું. ઉદ્દેશ્ય પ્રસ્તાવની શરૂઆત પંડિત જવાહરલાલ નહેરૂએ ૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બંધારણ સભામાં કરી. બંધારણ સભાએ ઉદ્દેશ્ય પ્રસ્તાવને ૨૨ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ' આમુખ' તરીકે મંજૂર કર્યું હતું. 'આમુખ'ને બંધારણને સમજવાની ચાવી તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય બંધારણના સિધ્ધાંતો અને આદર્શોના સમૂહ તરીકે આમુખને ઓળખવામાં આવે છે.

## આમુખ

''અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક, પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય, ન્યાય વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને તકની સમાનતા પ્રાપ્ત કરાવવા માટે તથા તે બધામાં વ્યક્તિની ગરિમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુદ્રઢ કરે એવી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી બંધારણ સભામાં આજ રોજ તા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ, આથી આ બંધારણને સ્વીકારી તેને અધિનિયમિત કરી અમને પોતાને સમર્પિત કરીએ છીએ.''

GK Master 95376 27593

## આમુખમાં થયેલા સુધારાઓ

→ આમુખમાં માત્ર એક જ વાર સુધારો થયો છે.

→ ૪૨મા બંધારણીય સુધારા–૧૯૭૬ દ્વારા આમુખમાં આ ત્રણ શબ્દો ઉમેરાયા :

**(૧) સમાજવાદી (૨) બિન–સાંપ્રદાયિક (૩) અખંડિતતા**

# આમુખ વિશે આટલું જાણો

→ આમુખનો ઉદ્દેશ્ય પ્રસ્તાવ રજૂ કરનાર :- **પંડિત જવાહરલાલ નહેરૂ**

→ ઉદ્દેશ્ય પ્રસ્તાવની રજૂઆત :- **તા. ૧૩-૧૨-૧૯૪૬**

→ બંધારણ સભામાં ઉદ્દેશ્ય પ્રસ્તાવનો સ્વીકાર :- **તા. ૨૨-૦૧-૧૯૪૭**

→ બંધારણના આમુખનું પ્રારૂપ તૈયાર કરનાર :- **સર બી.એન.રાવ**

→ બંધારણમાં આમુખ તરીકે અધિનિયમિત થયુ :- **તા. ૨૨-૦૧-૧૯૫૦**

→ આમુખનો અગત્યનો સ્ત્રોત :- **અમેરિકા**

→ આમુખની મુખ્ય ભાષાનો સ્ત્રોત :- **ઓસ્ટ્રેલિયા**

→ આમુખમાં સર્વ પ્રથમ સુધારો :- **ઈ.સ ૧૯૭૬**

→ આમુખમાં ૪૨મા બંધારણીય સુધારા–૧૯૭૬ દ્વારા **'સમાજવાદી'**, **'બિન-સાંપ્રદાયિકતા'** તથા **'અખંડિતતા'** એમ ત્રણ શબ્દો ઉમેરવામાં આવ્યા.

→ ભારતીય બંધારણના આમુખની ડિઝાઈન મધ્ય પ્રદેશના જબલપુરના પ્રખ્યાત ચિત્રકાર **બેઓટર રામમનોહર સિંહા** દ્વારા તૈયાર થઈ હતી.

# આમુખ અંગે વ્યક્તિઓએ આપેલ વિવિધ મંતવ્યો

→ ''આમુખ એ બંધારણનું હૃદય છે.'' :- **ઠાકુરદાસ ભાર્ગવ**

→ ''આમુખ રાજકીય કુંડળી છે.'' :- **કનૈયાલાલ મુનશી**

→ '' આમુખ એ બંધારણનો ઓળખપત્ર અને પરિચયપત્ર છે.'' :- **એન.એ.પાલકીવાલા**

→ '' બંધારણનું આમુખ લાંબા સમયથી જે વિચાર્યું હતું, અને જેના સ્વપ્ન જોયા તેને અભિવ્યક્ત કરે છે.''

:- **ક્રિષ્નાસ્વામી ઐયર**

→ '' બંધારણના આમુખને અમેરિકાની આઝાદીની ઘોષણા સાથે સરખાવ્યું અને બંધારણના આત્મા તરીકે ઓળખાવ્યું.'' :- **એમ.હિદાયતુલ્લા**

GK Master 95376 27593

# રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ
## National Commission for Scheduled Casts

→ મૂળ બંધારણમાં ભાગ–16માં (અનુચ્છેદ– 338) મુજબ અનુસૂચિતજાતિ અને જનજાતિ માટે એક વિશેષ અધિકારીની નિમણૂંકની જોગવાઈ કરવામાં આવી હતી. પણ વર્ષ 1990માં 65માં બંધારણીય સુધારા દ્વારા અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે એક વિશેષ અધિકારીના સ્થાને એક બહુસભ્ય રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને જનજાતિ આયોગની સ્થાપના કરવામાં આવી.

→ 89માં બંધારણીય સુધારા–2003 દ્વારા આ રાષ્ટ્રીય આયોગનું બે ભાગમાં વિભાજન કરી દેવામાં આવ્યું તથા અનુચ્છેદ–338 અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અને અનુચ્છેદ–338 (A)ના અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગની સ્થાપના કરવામાં આવી.

→ વર્ષ 2004થી અલગ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અસ્તિત્વમાં આવ્યો.

❖ **સભ્યો :-**

→ આયોગમાં 1 અધ્યક્ષ, 1 ઉપાધ્યક્ષ અને 3 અન્ય સભ્યો હોય છે.

❖ **નિમણૂંક :-**

→ આયોગના બધા જ સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

❖ **કાર્યકાળ :-**

→ બંધારણમાં કોઈ નિશ્ચિત કાર્યકાળ નથી. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે.

❖ **કાર્યો :-**

→ અનુસૂચિત જાતિઓના સંરક્ષણ બાબતે કરવામાં આવતા કાર્યો વિશે રાષ્ટ્રપતિને દર વર્ષે અથવા જ્યારે જરૂર લાગે ત્યારે રિપોર્ટ આપે છે.

→ રાષ્ટ્રપતિએ અનુસૂચિત જાતિ વિશે સોંપેલા કાર્યો કરે છે.

→ અનુસૂચિત જાતિઓના બંધારણીય સંરક્ષણથી સંબંધિત બધી જ બાબતોનું નિરીક્ષણ અને અમલીકરણની સમીક્ષા કરે છે તથા તેમના હિતોનું ઉલ્લંઘન તથા તેની તપાસ કરે છે.

❖ **શક્તિઓ :-**

→ આયોગ જ્યારે અનુસૂચિત જાતિઓને થયેલ અન્યાય કે અન્ય બાબતમાં તપાસ કરે ત્યારે દીવાની ન્યાયાલયની શક્તિઓ પ્રાપ્ત થાય છે.

→ તે પછાત વર્ગો અને એંગ્લો ઈન્ડિયન સમુદાયથી સંબંધિત ફરીયાદોમાં પણ કાર્ય કરે છે.

**યાદ રાખો મિત્રો**

→ ભારતના બંધારણના <u>અનુચ્છેદ–338</u>માં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની જોગવાઈ કરવામાં આવી છે.

→ <u>9મો બંધારણીય સુધારો–2003</u> દ્વારા અનુસૂચિત જાતિ આયોગ અને અનુસૂચિત જનજાતિ આયોગ અલગ કરવામાં આવ્યા છે.

→ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા કરવામાં આવે છે.

GK Master 9537627593

# એટર્ની જનરલ(મહાન્યાયવાદી)

→ એટર્ની જનરલના પદની જોગવાઈ અનુચ્છેદ–76માં કરવામાં આવી છે.

→ એટર્ની જનરલને બીજા મહાન્યાયવાદી નામથી પણ ઓળખવામાં આવે છે.

→ એટર્ની જનરલ દેશનો સર્વોચ્ચ કાનૂની અધિકારી(First Legal Officer) છે. તે ભારત દેશની કોઈ પણ અદાલત(ન્યાયાલય)માં સુનવણી કરવાનો અધિકાર ધરાવે છે.

**નિમણૂક :-**

→ રાષ્ટ્રપતિ દ્વારા એટર્ની જનરલની નિમણૂક કરવામાં આવે છે.

**યોગ્યતા :-**

→ તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

→ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ થવા માટેની લાયકાત અર્થાત ઉચ્ચ ન્યાયાલયમાં 5 વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે અથવા ઉચ્ચ ન્યાયાલયમાં 10 વર્ષ સુધી વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

→ રાષ્ટ્રપતિના મતાનુસાર કાયદા નિષ્ણાંત હોવો જોઈએ.

**કાર્યકાળ :-**

→ બંધારણ દ્વારા કોઈ તેને કાર્યકાળ નિશ્ચિત કરવામાં આવ્યો નથી.

→ આ ઉપરાંત તેને હટાવવા માટે પણ બંધારણમાં કોઈ વ્યવસ્થા નથી.

→ તે રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે અર્થાત રાષ્ટ્રપતિ તેને ગમે ત્યારે હટાવી શકે છે.

→ મોટેભાગે સરકાર બદલાય તેમ તે પણ બદલાય જાય છે. તેની નિમણૂક જે–તે સરકારની સલાહ અનુસાર થાય છે અર્થાત મંત્રી પરિષદ રાજીનામું આપે તો તે પણ રાજીનામું આપી દે છે.

**પગાર :-**

→ બંધારણમાં ક્યાય તેના પગાર અંગેનો ઉલ્લેખ નથી.

→ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરાયેલ મહેનતાણું અપાય છે.

**કાર્ય અને શક્તિઓ :-**

→ ભારતનો મુખ્ય કાયદાકીય સલાહકાર એટર્ની જનરલ હોય છે. ભારત સરકારને એવા વિષયોમાં કાયદાકીય સલાહ આપવી જે રાષ્ટ્રપતિ દ્વારા સોંપવામાં આવ્યા હોય જેવા કે ભારત સરકાર તરફથી સર્વોચ્ચ ન્યાયાલયમાં હાજર થવું.

→ અનુચ્છેદ–88 મુજબ એટર્ની જનરલ કોઈપણ ગૃહ અથવા બંને ગૃહોના સંયુક્ત અધિવેશન અથવા સંસદની કોઈપણ સમિતિમાં બોલવાનો અને તેમાં ભાગ લેવાનો અધિકાર એટર્ની જનરલ ધરાવે છે, પરંતુ મતદાન કરવાનો અધિકાર તેને નથી.

→ અનુચ્છેદ–105(4) મુજબ પોતાના પદના આધારે એટર્ની જનરલને સંસદના સભ્યની જેમ વિશેષાધિકાર(Previleges) પ્રાપ્ત છે.

→ અનુચ્છેદ–143 મુજબ રાષ્ટ્રપતિ તરફથી સર્વોચ્ચ ન્યાયાલયમાં પ્રતિનિધિત્વ કરવું.

→ રાષ્ટ્રપતિ,બંધારણ અથવા અન્ય કાયદા દ્વારા સોંપવામાં આવતા કાર્યોનું પાલન કરવું.

GK Master 9537627593

**મર્યાદાઓ :-**

→ ભારત સરકાર વિરુધ્ધ કોઈપણ સલાહ ન આપી શકે.

→ ભારત સરકારની પરવાનગી વગર કોઈપણ ગુનેગાર વ્યક્તિને બચાવી ન શકે, તેમજ તે કોઈ પણ પ્રકારનો અન્ય હોદ્દો ગ્રહણ ન કરી શકે.

## ભારતના એટર્ની જનરલ

| ક્રમ. | એટર્ની જનરલ | | સમયગાળો |
|---|---|---|---|
| 1) | એમ.સી.સીતલવાડ | :– | ઈ.સ 1950-63 |
| 2) | સી.કે.દફતરી | :– | ઈ.સ 1963-68 |
| 3) | નિરેન ડે | :– | ઈ.સ 1968-77 |
| 4) | એસ.વી.ગુપ્તા | :– | ઈ.સ 1977-79 |
| 5) | એલ.એન.સિંહા | :– | ઈ.સ 1979-83 |
| 6) | કે.પરાશરન | :– | ઈ.સ 1983-89 |
| 7) | સોલી જે.સોરાબજી | :– | ઈ.સ 1989-90 |
| 8) | જી.રામાસ્વામી | :– | ઈ.સ 1990-92 |
| 9) | મિલન કે.બેનર્જી | :– | ઈ.સ 1992-96 |
| 10) | અશોક દેસાઈ | :– | ઈ.સ 1996-98 |
| 11) | સોલી જે.સોરાબજી | :– | ઈ.સ 1998-2004 |
| 12) | મિલન કે.બેનર્જી | :– | ઈ.સ 2004-2009 |
| 13) | ગુલામ.ઈ.વહાણવટી | :– | ઈ.સ 2009-2014 |
| 14) | મુકુલ રોહતગી | :– | ઈ.સ 2014 થી અત્યાર સુધી |

## સોલિસીટર જનરલ(મહાધિવક્તા)

→ સોલિસીટર જનરલનો હોદ્દો બંધારણીય હોદ્દો નથી.

→ ભારતના બંધારણમાં સોલિસીટર જનરલનો કયાંય ઉલ્લેખ નથી.

→ સોલિસીટર જનરલ ભારતના એટર્ની જનરલને તેના કાર્યમાં મદદ કરે છે.

→ ભારતના એટર્ની જનરલ પછીનો ભારત સરકારનો કાનૂની સલાહકાર સોલિસીટર જનરલને ગણવામાં આવે છે.

# ભારતનો નિયંત્રક અને મહાલેખા પરીક્ષક
## Comptroller and Auditor General of india-(CAG)

❖ **અનુચ્છેદ–148 ભારતના CAGના પદની વ્યવસ્થા :–**

→ તેને લોકોના ધનનો 'સંરક્ષણ' કહે છે. CAG ને લોકલેખા સમિતિ(PAC)નો 'કાન અને આંખ' કહેવામાં આવે છે.

→ દેશની સંપૂર્ણ નાણાંકીય વ્યવસ્થાનો સંરક્ષક છે.

→ કેન્દ્ર અને રાજ્ય બંને સ્તર ઉપર નિયંત્રણ રાખે છે તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના હિસાબની ચકાસણી(ઓડિટ) કરે છે.

→ CAG માત્ર સંસદને જવાબદાર છે.

❖ **નિમણૂંક :–**

→ CAG ની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

❖ **શપથ :–**

→ ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિ મુજબ રાષ્ટ્રપતિ અથવા રાષ્ટ્રપતિએ નિમેલ કોઈ વ્યક્તિ દ્વારા શપથ લેવડાવવામાં આવે છે.

❖ **કાર્યકાળ :–**

→ 6 વર્ષ અથવા 65 વર્ષ બંનેમાંથી જે વહેલા હોય ત્યાં સુધી તે પોતાના હોદ્દા ઉપર રહે છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિને ગમે ત્યારે રાજીનામું આપી શકે છે.

→ તેને રાષ્ટ્રપતિ દ્વારા માત્ર મહાભિયોગ જેવી પ્રક્રિયા દ્વારા જે સર્વોચ્ચ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો માટે વાપરવામાં આવે છે તેના દ્વારા જ હટાવી શકાય.

→ તેનો કાર્યકાળ નિશ્ચિત છે તેને કાર્યકાળથી પહેલા બંધારણીય પ્રક્રિયા સિવાય હટાવી શકાતો નથી.

→ તે નિવૃત્તિ પછી કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ પદ પર કાર્ય કરી શકતો નથી.

❖ **પગાર–ભથ્થા :–**

→ સંસદ દ્વારા નક્કી કરવામાં આવે ત્યાં સુધી બંધારણની બીજી અનુસૂચિ મુજબ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને સમાન વેતન આપવામાં આવે છે.

→ તેનો અને તેના કાર્યલયના સ્ટાફનું પગાર–પેન્શન ભારતની સંચિતનિધિ(સ્થાયી ભંડોળ/એકત્રિત ફંડ) પર આધારિત છે.

❖ **કાર્યો અને શક્તિ :–**

→ અનુચ્છેદ–149 કેન્દ્ર, રાજ્ય અથવા અન્ય સંસ્થાના હિસાબોનું પરિક્ષણ તથા અન્ય ફરજોની જોગવાઈ.

→ અનુચ્છેદ–150 કેન્દ્ર અને રાજ્યોનો હિસાબ CAG ઠરાવે તે નમૂનામાં રાખવા.

→ તે ભારતની અને રાજ્યની સંચિતનિધિ(સ્થાયી ભંડોળ/એકત્રિત ફંડ) તથા વિધાનસભા ધરાવનાર કેન્દ્રશાસિત પ્રદેશોની સંચિતનિધિ(સ્થાયી ભંડોળ/એકત્રિત ફંડ) સંબંધી હિસાબોનું પરિક્ષણ કરે છે.

→ તે લોકલેખા નિધિ(જાહેર હિસાબ ભંડોળ) અને આકસ્મિકનિધિ(આકસ્મિક ભંડોળ) નિધિના હિસાબોનું પરિક્ષણ કરે છે.

GK Master 9537627593

→ તે કેન્દ્ર અને રાજ્ય સરકારના કોઈપણ વિભાગના ખરીદ–વેચાણ,ઉત્પાદન,નફો–નુકશાન,ટેન્ડર તથા અન્ય બાબતોની ચકાસણી કરે છે. તે કેન્દ્ર અને રાજ્યની આવક–જાવકનું મૂલ્યાંકન કરે છે.

→ તે સરકાર ઉપરાંત સરકારી કંપનીઓ, એવી સંસ્થાઓ જેને સરકાર અનુદાન આપે છે તેમના હિસાબોની પણ ચકાસણી કરે છે. આ ઉપરાંત તે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના કહેવાથી અન્ય સ્થાનિક સંસ્થાઓના હિસાબની પણ ચકાસણી કરે શકે છે.

→ તે ઉધાર,ચૂકવણી,જમા,બચત વગેરેથી સંબંધિત કેન્દ્ર અને રાજ્ય સરકારના લેણ–દેણની ચકાસણી કરે છે.

→ અનુચ્છેદ–151 તે કેન્દ્ર અને રાજ્ય સરકારથી સંબંધિત રિપોર્ટ રાષ્ટ્રપતિને અને રાજ્યપાલને સોંપે છે જે આ રિપોર્ટને સંસદ અને વિધાનસભામાં રજૂ કરાવે છે.

→ CAG સંસદની લોકલેખા સમિતિ(જાહેર હિસાબ સમિતિ)ના 'માર્ગદર્શક' તરીકે કાર્ય કરે છે.

→ વર્ષ 1976થી તેને કેન્દ્ર સરકારના હિસાબોનું સંકલન કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે અર્થાત હવે તે માત્ર તેની ચકાસણી જ કરે છે. જ્યારે રાજ્ય સરકારોના હિસાબોનું સંકલન તથા ચકાસણી બંને કરે છે.

→ આ ઉપરાંત તે સરકારી ખર્ચની તર્કસંગતતા, નિષ્ઠા અને વાજબીપણાની ચકાસણી કરે છે. તથા ખોટા ખર્ચ કે નુકશાન માટે સરકારની ટિપ્પણી પણ કરી શકે છે.

→ ગુપ્ત સેવાઓ(RAW વગેરે) માટે CAGની ભૂમિકા મર્યાદિત છે, તેમાં જવાબદાર અધિકારીના પ્રમાણપત્ર દ્વારા સંતોષ માનવો પડે છે.

## ભારતના CAG

| ક્રમ. | નામ | સમયગાળો |
|---|---|---|
| 1 | **વી.નરહરિ રાવ** | 1948-1954 |
| 2 | **એ.કે.ચંદા** | 1954-1960 |
| 3 | **એ.કે.રાય** | 1960-1966 |
| 4 | **એસ.રંગાનાથન** | 1966-1972 |
| 5 | **એ.બક્શી** | 1972-1978 |
| 6 | **જ્ઞાન પ્રકાશ** | 1978-1984 |
| 7 | **ટી.એન.ચતુર્વેદી** | 1984-1990 |
| 8 | **સી.જી.સૌમ્યા** | 1990-1996 |
| 9 | **બી.કે.શુંગલુ** | 1996-2002 |
| 10 | **વી.એન.કૌલ** | 2002-2008 |
| 11 | **વિનોદ રાય** | 2008-2013 |
| 12 | **શશીકાન્ત શર્મા** | 23 મે 2013થી **અત્યાર સુધી** |

## યાદ રાખો મિત્રો

→ ભારતના બંધારણના અનુચ્છેદ–148માં 'ભારતના નિયંત્રક અને મહાલેખા પરિક્ષક(CAG)'ના પદની જોગવાઈ કરવામાં આવી છે.

→ CAGની નિમણૂંક રાષ્ટ્રપપિ દ્વારા કરવામાં આવે છે.

→ CAGનો કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષની વય બંનેમાંથી જે વહેલા હોય ત્યાં સુધીનો હોય છે.

→ CAGને તેના કાર્યકાળ પહેલા હોદ્દા પરથી હટાવવાની સત્તા માત્ર સંસદને જ છે.

→ ભારતના સૌપ્રથમ CAG **નરહરિ રાવ** હતા.

→ CAGને ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિ મુજબ રાષ્ટ્રપતિને તેને શપથ લેવડાવે છે.

→ ભારત સરકારના નાણાંકીય લેણદેણના પરિક્ષણ માટે માત્ર CAG જવાબદાર છે.

→ CAG પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિને આપે છે.

→ CAG ના રિપોર્ટના આધારે સંસદની લોકલેખા સમિતિ(જાહેર હિસાબ સમિતિ) કાર્ય કરે છે.

GK Master 95376 27593

# રાજ્યનો એડવોકેટ જનરલ

❖ **બંધારણીય જોગવાઈ :-**

→ અનુચ્છેદ – 165 મુજબ રાજ્યનો રાજ્યનો રાજ્યપાલ ઉચ્ચન્યાયાલયના ન્યાયાધીશ થવાની લાયકાત ધરાવતા વ્યક્તિને રાજ્યનો એડવોકેટ જનરલ**(રાજ્યનો મહાધિવક્તા)** તરીકે નિમણૂંક આપશે.

❖ **નિમણૂંક :-**

→ રાજ્યપાલ દ્વારા મંત્રીપરિષદની સલાહથી એડવોકેટ જનરલની નિમણૂંક કરવામાં આવે છે.

❖ **યોગ્યતા :-**

→ ભારતનો નાગરિક હોવો જોઈએ.

→ ઉચ્ચન્યાયાલયનો ન્યાયાધીશ બની શકે તેટલી લાયકાત ધરાવતો હોવો જોઈએ.

→ 10 વર્ષ સુધી ન્યાયિક અધિકારી અથવા ઉચ્ચન્યાયાલયમાં 10 વર્ષ સુધી વકીલાત કરેલ હોવી જોઈએ.

❖ **કાર્યકાળ :-**

→ કોઈ નિશ્ચિત કાર્યકાળ નથી.

→ જો રાજ્યપાલની ઈચ્છા હોય ત્યાં સુધી તે પોતાના હોદ્દા ઉપર રહે છે.

→ મોટાભાગે મંત્રીપરિષદ રાજીનામું આપે ત્યારે એડવોકેટ જનરલ પણ રાજીનામું આપી દે છે.

❖ **પગાર ભથ્થા :-**

→ બંધારણમાં એડવોકેટ જનરલના પગાર ભથ્થા અંગે કોઈ વિશેષ જોગવાઈ નથી, પરંતુ રાજ્યપાલ દ્વારા વખતોવખત તેનો પગાર નક્કી કરવામાં આવે છે.

→ એડવોકેટ જનરલ રાજ્યનો મુખ્ય કાયદા અધિકારી છે.

→ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ દ્વારા સોંપવામાં આવેલા વિષયો પર રાજ્ય સરકારને સલાહ આપે છે.

→ રાજ્યના કોઈપણ ન્યાયાલયમાં સુનવણી કરવાનો અધિકાર એડવોકેટ જનરલ ધરાવે છે.

❖ **વિશેષાધિકાર :-**

→ અનુચ્છેદ–177 મુજબ રાજ્યની વિધાનસભા અને વિધાનપરિષદ બંનેમાં બોલવાનો અને તેમની કાર્યવાહીઓમાં બોલવાનો અધિકાર એડવોકેટ જનરલ ધરાવે છે, પણ મતદાન કરવાનો અધિકાર તેને નથી.

→ તેને રાજ્યના વિધાનસભ્યને પ્રાપ્ત બધા જ વિશેષાધિકારો પ્રાપ્ત છે.

**યાદ રાખો મિત્રો**

→ રાજ્યના એડવોકેટ જનરલની નિમણૂંક રાજ્યના રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

→ રાજ્યનો મુખ્ય કાયદા અધિકારી રાજ્યનો એડવોકેટ જનરલ ગણાય છે.

→ રાજ્યના કોઈપણ ન્યાયાલયમાં સુનવણી કરવાનો અધિકાર માત્ર રાજ્યનો એડવોકેટ જનરલ ધરાવે છે.

GK Master 9537627593

# ગેરબંધારણીય સંસ્થાઓ

## Non - Constitutional Bodies

→ **નોંધ :- વર્ષ ૨૦૧૪માં આયોજન પંચને સમાપ્ત કરી દેવામાં આવ્યું. અહીયા માત્ર જાણ ખાતર તેની ચર્ચા કરવામાં આવી છે. વર્તમાનમાં આયોજન પંચ નામની કોઈ સંસ્થા નથી, પરંતુ તેનું સ્થાન <u>'નીતિપંચ'</u> નામની નવી સંસ્થાએ લીધું છે.**

## 1) આયોજન પંચ (Planning Commission) :-

→ આયોજન પંચ એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ કેન્દ્રએ માત્ર મંત્રીમંડળના આદેશ દ્વારા (કાયદો બનાવ્યા વગર) <u>15 માર્ચ 1950</u>માં આયોજન પંચની સ્થાપના કરી. આયોજન પંચને સંપૂર્ણ દેશનો **'આર્થિક મંત્રીમંડળ'** પણ કહેવામાં આવે છે.

- **આયોજન પંચના સભ્યો :-**

→ હોદ્દાની રૂએ ભારતના <u>વડાપ્રધાન</u> તેના અધ્યક્ષ હોય છે.

→ 1 ઉપાધ્યક્ષ, જેની નિમણૂંક મંત્રીમંડળ દ્વારા નિશ્ચિત કાર્યકાળ માટે કરવામાં આવે છે. જેનો હોદ્દો મંત્રીમંડળના મંત્રીની સમાન હોય છે. પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળનો સભ્ય હોતો નથી.

→ નાણામંત્રી અને આયોજન મંત્રી પણ આયોજન પંચના સભ્ય હોય છે. તથા 4 થી 7 વિષય નિષ્ણાંત સભ્ય હોય છે.

→ આયોજન પંચનો એક સચિવ જે IAS અધિકારી હોય છે.

→ **<u>કે.સી.નિયોગી</u>** આયોજન પંચના સૌપ્રથમ ઉપાધ્યક્ષ હતા.

- **આયોજનપંચના કાર્યો :-**

→ આયોગના કાર્ય દેશના સંશોધનોનો સર્વાધિક અને સંતુલિત ઉપયોગ માટે યોજના તૈયાર કરવી.

→ લોકોના જીવનસ્તરને ઊંચુ લાવવા યોગ્ય યોજના તૈયાર કરવી.

→ દરેક સ્તર પર યોજનાના સફળ અમલીકરણ માટે યોગ્ય ભલામણો કરવી.

## 2) રાષ્ટ્રીય વિકાસ પરિષદ ( National Development Council ) :-

→ રાષ્ટ્રીય વિકાસ પરિષદ એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ વર્ષ <u>1952</u>માં આયોજન પંચની સલાહકારી સંસ્થા તરીકે રાષ્ટ્રીય વિકાસ પરિષદની સ્થાપના કરવામાં આવી. તેની સ્થાપના માત્ર કેન્દ્રીય મંત્રીમંડળના આદેશ દ્વારા (સંસદના કાયદા દ્વારા નહિ) કરવામાં આવી છે.

- **રાષ્ટ્રીય વિકાસ પરિષદના સભ્યો :-**

→ હોદ્દાની રૂએ **<u>વડાપ્રધાન</u>** તેના અધ્યક્ષ છે.

→ આ ઉપરાંત રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં સભ્ય તરીકે બધા જ કેબિનેટ મંત્રી બધા જ રાજ્યોના મુખ્યમંત્રી, બધા જ કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રી, વહીવટદારો તથા આયોજન પંચના સભ્યો હોય છે.

GK Master 95376 27593

→ આયોજન પંચનો સચિવ જ રાષ્ટ્રીય વિકાસ પરિષદનો સભ્ય હોય છે.

- **રાષ્ટ્રીય વિકાસ પરિષદના કાર્યો :-**

→ રાષ્ટ્રીય પંચવર્ષીય યોજના બનાવવા આયોજન પંચને મદદ કરવી.

→ આયોજન પંચ દ્વારા બનાવવામાં આવેલી યોજના પર વિચાર કરવો.

→ વખતો વખત રાષ્ટ્રીય પંચવર્ષીય યોજનાના અમલીકરણની સમીક્ષા કરવી.

## 3) ક્ષેત્રીય પરિષદો (Regional Councils):-

→ સંસદના કાયદા દ્વારા ક્ષેત્રીય પરિષદોની સ્થાપના કરવામાં આવી છે.

→ રાજ્ય પુનર્ગઠન આયોગ 1956 દ્વારા ભારતના રાજ્ય ક્ષેત્રને 5 ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યું છે.

- **પ ક્ષેત્રીય પરિષદો :**

1) ઉત્તર ક્ષેત્રીય પરિષદ : હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, જમ્મુ–કશ્મીર, દિલ્લી, ચંદીગઢ

2) દક્ષિણ ક્ષેત્રીય પરિષદ : આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, કેરલ, પોંડુચેરી

3) પૂર્વી ક્ષેત્રીય પરિષદ : પશ્ચિમ બંગાળ, ઉડીસા, બિહાર

4) પશ્ચિમ ક્ષેત્રીય પરિષદ : ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દીવ–દમણ, દાદરા અને નગર હવેલી

5) કેન્દ્રીય પરિષદ : ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ

→ આ ઉપરાંત વર્ષ 1971માં સંસદ દ્વારા કાયદાથી અન્ય એક '**પૂર્વોત્તર પરિષદ**' ની રચના કરવામાં આવી.

6) પૂર્વોત્તર પરિષદ : અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ અને સિક્કિમ ( સિક્કિમને વર્ષ 2000 માં સમાવવામાં આવ્યું)

→ દરેક ક્ષેત્રીય પરિષદમાં તે ક્ષેત્રના રાજ્યોના મુખ્યમંત્રી અને બે મંત્રીઓ તથા કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદારો હોય છે.

→ કેન્દ્રીય ગૃહમંત્રી એ બધી જ ક્ષેત્રીય પરિષદોનો અધ્યક્ષ હોય છે.

- **ક્ષેત્રીય પરિષદના કાર્યો :-**

→ આર્થિક અને સામાજિક યોજના અંગે ભલામણો કરવી.

→ આંતરરાજ્ય પરિવહન અંગે ચર્ચા–વિચારણા કરવી.

## 4) રાષ્ટ્રીય એકતા પરિષદ :-

→ રાષ્ટ્રીય એકતા પરિષદ એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ વર્ષ 1986માં રાષ્ટ્રીય એકતા પરિષદની સ્થાપના કરવામાં આવી.

→ તેમાં કેન્દ્રના મંત્રીઓ, રાજ્યના મુખ્યમંત્રીઓ, રાજકીયપક્ષના નેતાઓ, મહિલા પ્રતિનિધિઓ વગેરેનો સમાવેશ થાય છે.

## 5) રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (National Human Right Commission) :-

→ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ એક ગેરબંધારણીય સંસ્થા છે.

GK Master 95376 27593

- **સ્થાપના :-**

→ વર્ષ 1993માં રાષ્ટ્રીય માનવાધિકાર આયોગની સ્થાપના કરવામાં આવી. સંસદીય કાયદા દ્વારા આ આયોગની સ્થાપના કરવામાં આવી છે.

- **રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના સભ્યો :-**

→ આ આયોગના અધ્યક્ષ સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત મુખ્ય ન્યાયાધીશ હોય છે. આ ઉપરાંત અન્ય સભ્યોમાં સર્વોચ્ચ ન્યાયાલયમાં કાર્યરત અથવા નિવૃત ન્યાયાધીશ, ઉચ્ચ ન્યાયાલયના કાર્યરત અથવા નિવૃત ન્યાયાધીશ, બે એવા સભ્યો જેમને માનવાધિકાર ક્ષેત્રમાં નિષ્ણાંત તથા રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગના અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ પણ સમાવિષ્ટ હોય છે.

→ આયોગના અધ્યક્ષ અને અન્ય સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ અથવા તેમની ઉંમર 70 વર્ષ બંનેમાંથી જે વહેલા હોય ત્યાં સુધીનો હોય છે.

- **રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના કાર્યો :-**

→ માનવાધિકારથી સંબંધિત વિભિન્ન આંતરરાષ્ટ્રીય સમજૂતિઓના અમલીકરણ માટે ભલામણ કરે છે. માનવાધિકારોના અમલીકરણ માટે વિવિધ પ્રકારની ભલામણો કરે છે.

→ ન્યાયાલયમાં માનવાધિકાર સંબંધિત કાર્યવાહીમાં ન્યાયાલયની અનુમતિથી હસ્તક્ષેપ કરી શકે છે. જેલ અને કારાવાસમાં જઈ ત્યાંની સ્થિતિ અને માનવાધિકારોની સમીક્ષા કરી તે અંગે ભલામણો કરે છે.

**6) રાષ્ટ્રીય મહિલા આયોગ :-**

→ રાષ્ટ્રીય મહિલા આયોગ એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ વર્ષ 1992માં રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી.

→ સૌપ્રથમ મહિલા આયોગ વર્ષ 1992**માં શ્રીમતી જયંતિ પટનાયક**ની આગેવાનીમાં રચવામાં આવ્યું.

→ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષની નિમણૂંક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.

→ અધ્યક્ષ ઉપરાંત અન્ય સભ્ય જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો એક સભ્ય હોવો અનિવાર્ય છે.

- **રાષ્ટ્રીય મહિલા આયોગના કાર્યો :-**

→ મહિલાઓના કલ્યાણથી સંબંધિત બંધારણીય અને કાનૂની જોગવાઈઓના અમલીકરણની તપાસ કરી દર વર્ષે અથવા આયોગને જ્યારે યોગ્ય લાગે ત્યારે કેન્દ્ર સરકારને રિપોર્ટ રજૂ કરવી.

→ કેન્દ્ર અને રાજ્ય સરકારોને મહિલાઓની દશા સુધારવા વિવિધ ભલામણો કરવી.

→ મહિલાઓના અધિકારોના ઉલ્લઘંન સંબંધી બાબતોમાં નોટિસ આપવી.

**7) કાયદાપંચ (વિધિ આયોગ) (Law Commission) :-**

→ કાયદાપંચ એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ વર્ષ 1995માં એટર્ની જનરલ એમ.સી.સીતલવડની અધ્યક્ષતામાં સૌપ્રથમ કાયદાપંચની નિમણૂંક કરવામાં આવી.

- **કાયદાપંચના મુખ્ય કાર્યો :-**

→ કાયદા સુધારણા અંગે ભલામણો કરવી.

GK Master 9537627593

→ નવા કાયદા સંબંધિત રિપોર્ટ વખતો વખત કાયદા મંત્રાલયને સોંપવા.

**8) રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ (National Minoritiy Commission) :-**

- **સ્થાપના :-**

→ વર્ષ 1993માં કેન્દ્ર સરકાર દ્વારા એક રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગની સ્થાપના કરવામાં આવી.

- **રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગના મુખ્ય કાર્યો :-**

→ સંઘ અને રાજ્યમાં અલ્પસંખ્યકોની પ્રગતિ અને વિકાસનું મૂલ્યાંકન કરવું.

→ અલ્પસંખ્યકોના હિતોની રક્ષા અને તેમના વિકાસ માટે બંધારણ, સંસદ અથવા રાજ્ય વિધાન મંડળ દ્વારા કરવામાં આવેલ જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા કરવી.

→ કેન્દ્ર અને રાજ્ય સરકારોને અલ્પસંખ્યકોના હિતોના રક્ષણ માટે ભલામણ કરવી.

**9) કેન્દ્રીય સતર્કતા આયોગ (Central Vigilance Commission) :-**

→ કેન્દ્રીય સતર્કતા (તકેદારી) આયોગ ભ્રષ્ટાચાર રોકવા માટેની એક ગેરબંધારણીય સંસ્થા છે.

- **સ્થાપના :-**

→ વર્ષ 1964માં કે.સંથાનમ સમિતિની ભલામણથી તેની રચના કરવામાં આવી. જેને વર્ષ 2003માં સંસદ દ્વારા કાયદાથી કાયદાકીય દરજ્જો આપવામાં આવ્યો.

- **સભ્ય સંખ્યા :-**

→ એક મુખ્ય સતર્કતા કમિશ્નર અને વધુમાં વધુ બે અન્ય કમિશ્નર હોય છે. જેમની નિમણૂંક રાષ્ટ્રીય દ્વારા કરવામાં આવે છે.

- **કેન્દ્રીય સતર્કતા આયોગના કાર્યો :-**

→ સરકારી સંસ્થાઓના અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર અંગેની તપાસ કરી કાર્યવાહી કરે છે.

**10) રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ :-**

- **સ્થાપના :-**

→ વર્ષ 2007માં કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપના કરવામાં આવી.

- **રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણના કાર્યો :-**

→ બાળકોના અધિકારોનું સંરક્ષણ કરવું.

→ બાળકોથી સંબંધિત કાયદાઓના યોગ્ય અમલીકરણનું નિરીક્ષણ કરવું.

**11) વહીવટી સુધારણા આયોગ :-**

→ સૌપ્રથમ વહીવટી સુધારણા આયોગ વર્ષ 1996માં મોરારજી દેસાઈના અધ્યક્ષ પદે રચવામાં આવ્યું.

→ વર્ષ 2005માં બીજા વહીવટી સુધારણા આયોગની સ્થાપના વીરપ્પા મોઈલીની અધ્યક્ષતામાં કરવામાં આવી.

**12) કેન્દ્રીય અન્વેષણ બ્યૂરો (CBI - Central Bureau of Investigation) :-**

- **સ્થાપના :-**

→ સંથાનમ આયોગની ભલામણથી વર્ષ 1963માં CBI ની સ્થાપના કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશથી કરવામાં આવી હતી.

→ CBI કાયદા દ્વારા સ્થપાયેલી સંસ્થા કે બંધારણીય સંસ્થા નથી. તે કેન્દ્ર સરકારની મુખ્ય એજન્સી છે જે રાજ્ય–વહીવટમાં ભ્રષ્ટાચારની રોકથામ અને ઈમાનદારી બનાવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

GK Master 9537627593

- **આદર્શ વાક્ય :-**
  મહેનત, નિષ્પક્ષતા તથા ઈમાનદારી.
- **કેન્દ્રીય અન્વેષણ આયોગનો ઉદ્દેશ્ય :-**

→ બંધારણ તથા દેશના કાયદાની રક્ષા કરવી અને તેના માટે ઊંડી તપાસ આદરી ગુનાહોને નિષ્ફળ બનાવવા.

## 13) કેન્દ્રીય સૂચના આયોગ (Central Information Commission) :-

- **સ્થાપના :-**

→ માહિતીનો અધિકાર અધિનિયમ 2005 અંતર્ગત તેની સ્થાપના કરવામાં આવી. આમ તે એક કાયદાકીય સંસ્થા છે બંધારણીય સંસ્થા નથી.

→ તેમા 1 મુખ્ય સૂચના અધિકારી અને 10 અન્ય સૂચના અધિકારોઓ હોય છે. જેમની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાન, લોકસભાના વિપક્ષના નેતા અને એક કેન્દ્રીય મંત્રીની બનેલ સમિતિ દ્વારા થાય છે. મુખ્ય અને અન્ય સૂચના અધિકારીનો કાર્યકાળ 5 વર્ષ અથવા 65(ઉંમર) વર્ષનો હોય છે.

GK Master 95376 27593

GK Master - Shyamkumar Parmar

# જમ્મુ કશ્મીર રાજ્યનો વિશેષ દરજ્જો

❖ **જમ્મુ કશ્મીર રાજ્ય (અનુચ્છેદ :- 370)**

→ જમ્મુ કશ્મીર ભારતીય બંધારણની પ્રથમ અનુસૂચિમાં સમાવિષ્ટ 15મું રાજ્ય છે, પરંતુ પ્રથમ અનુસૂચિની બધી જોગવાઈઓ તેના પર લાગુ થતી નથી.

→ આ સિવાયના અનુચ્છેદ– 1 ની બધી જ જોગવાઈઓ જમ્મુ કશ્મીર પર લાગુ પડે છે.

→ બંધારણના ભાગ– 21 માં અનુચ્છેદ–370 માં વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે.

❖ **અનુચ્છેદ–370ની ઉત્પત્તિ :-**

→ બ્રિટીશ શાસન સમયે જમ્મુ કશ્મીર એક દેશી રજવાડું હતું, જેના પર 'ડોગરા વંશ' નું શાસન હતું. જેના આઝાદી સમયે રાજા હરિસિંહ હતા તેમણે ભારત કે પાકિસ્તાનમાં જોડાયા વગર સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો હતો.

→ 26 ઓક્ટોબર 1947 પાકિસ્તાન સેના અને પાકિસ્તાન સમર્પિત આઝાદ કશ્મીર સેના દ્વારા જમ્મુ કશ્મીર પર આક્રમણ કર્યું.

→ આથી પોતાની રક્ષા માટે 26 ઓક્ટોબર 1947ના રોજ મહારાજા હરિસિંહ અને જવાહરલાલ નહેરૂ દ્વારા જમ્મુ કશ્મીરના ભારતમાં વિલયપત્ર પર હસ્તાક્ષર થયા. જેનો 27 ઓક્ટોબર 1947ના રોજ ભારતના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ બેટન દ્વારા સ્વીકાર થયો. જેના પરિણામે જમ્મુ કશ્મીરની રક્ષા, વિદેશી બાબતો અને સંચાર પર ભારતનું નિયંત્રણ આવ્યું. બાકીની બાબતો રાજ્ય સરકાર પાસે રહી.

→ વિલયપત્રમાં ઉલ્લેખાઈયેલી જોગવાઈઓના કારણે ભારતના બંધારણના ભાગ–21માં અનુચ્છેદ–370માં જમ્મુ કશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે. જેને પોતાનું આગવું અલગ બંધારણ છે.

**યાદ રાખો :-**

→ બંધારણના ભાગ–21માં જમ્મુ કશ્મીર ઉપરાંત અન્ય 10 રાજ્યો પણ કેટલીક અલ્પ બાબતોમાં વિશેષ દરજ્જાનો લાભ ઉઠાવે છે. જે નીચે મુજબ છે.

1) મહારાષ્ટ્ર

2) ગુજરાત

3) નાગાલેન્ડ

4) આસામ

5) મધ્યપ્રદેશ

6) આંધ્રપ્રદેશ

7) સિક્કિમ

8) મિઝોરમ

9) અરૂણાચલ પ્રદેશ

10) ગોવા

GK Master 95376 27593

### ❖ જમ્મુ કશ્મીર રાજ્યના ભારતીય સંઘ સાથે સંબંધ :-

(1) **સંસદના અધિકાર :**

→ સંસદ રાજ્ય માટે કેન્દ્ર યાદી અને સંયુક્તયાદીના એ જ વિષયો પર કાયદો બનાવી શકશે જેનો ઉલ્લેખ વિલયપત્ર(Instrument of Accession)માં કરવામાં આવ્યો હોય.

→ સંસદ જમ્મુ કશ્મીર રાજ્ય માટે કેન્દ્રયાદી અને સંયુક્તયાદીની અન્ય બાબતો પર ત્યારે જ કાયદો બનાવી શકે જ્યારે રાષ્ટ્રપતિ જમ્મુ કશ્મીર રાજ્ય સરકારની સંમ્મતિથી હુકમ કરીને સુચવે.

→ ભારતીય સંસદને રાજ્યોની બાબતમાં કાયદો બનાવવાની અવશિષ્ટ શક્તિ પ્રાપ્ત છે. જ્યારે જમ્મુ કશ્મીર રાજ્યના સંબંધમા કાયદો બનાવવાની અવશિષ્ટ શક્તિ રાજ્યની વિધાનસભાને પ્રાપ્ત થાય છે.

→ અનુચ્છેદ–22 મુજબ નિવારક નિરોધ બનાવવાની શક્તિ ભારતના સ્થાને જમ્મુ કશ્મીરની વિધાનસભાને પ્રાપ્ત છે.

→ અનુચ્છેદ–1ની બધી જ જોગવાઈઓ તથા અનુચ્છેદ–370ની બધી જ જોગવાઈઓ જમ્મુ કશ્મીર પર લાગુ છે.

→ જો જમ્મુ કશ્મીરની વિધાનસભાની અનુમતિથી અનુચ્છેદ–370(3) મુજબ રાષ્ટ્રપતિ જમ્મુ કશ્મીર માટેની અનુચ્છેદ–370 નાબુદ કરી શકે છે.

→ બંધારણીય આદેશ–1986 મુજબ અનુચ્છેદ–249 જમ્મુ કશ્મીર રાજ્ય પર પણ લાગુ કરી શકતી નથી.

(2) **રાજ્યની સ્વાયત્તતા :**

ભારતીય સંસદ જમ્મુ કશ્મીરની વિધાનસભાની મંજૂરી વગર નીચેના કાર્ય કરી શકતી નથી.

(A) રાજ્યના નામ અથવા ક્ષેત્રમાં પરિવર્તન.

(B) રાજ્યના રાજ્યક્ષેત્રના કોઈ ભાગને અસર કરનારી આંતરરાષ્ટ્રીય સંધિ.

(3) **જમ્મુ કશ્મીર રાજ્યના વિશેષાધિકાર :**

→ જમ્મુ કશ્મીર રાજ્યને કેટલાક વિશેષાધિકાર પ્રાપ્ત છે જે અન્ય રાજ્યને પ્રાપ્ત નથી. જે નીચે મુજબ છે.

→ અનુચ્છેદ–352ની જાહેરાત જમ્મુ કશ્મીર રાજ્ય સરકારની સહમતિ વગર લાગુ થતી નથી.

→ અનુચ્છેદ –365 મુજબ કેન્દ્ર સરકાર પોતાના આદેશનું પાલન ન થવા પર રાજ્યના બંધારણને રદ કરી શકે નહિ.

→ અનુચ્છેદ–365 મુજબ બંધારણીયતંત્રની નિષ્ફળતા અર્થાત જમ્મુ કશ્મીરના બંધારણીયતંત્રની નિષ્ફળતા ભારતના બંધારણની નહિ.

→ કેન્દ્ર સરકાર અનુચ્છેદ–360 મુજબ નાણાંકીય કટોકટી જાહેર કરી શકે નહિ.

**જમ્મુ કશ્મીરમાં બે પ્રકારની કટોકટી**

- જમ્મુ કશ્મીરના બંધારણની કલમ–92 મુજબ રાજ્યપાલ શાસન. (સૌ પ્રથમ 27 માર્ચ 1977 લાગુ. પછી 19 જાન્યુઆરી 1990)
- અનુચ્છેદ–356 રાષ્ટ્રપતિ શાસન. (સૌ પ્રથમ 7 સપ્ટેમ્બર 1986માં લાગુ)

(4) **મૂળભૂત અધિકાર :**

→ રાજ્યમાં સંપત્તિનો મૂળભૂત અધિકાર આજે પણ જમ્મુ કશ્મીરમાં અસ્તિત્વમાં છે.

GK Master 9537627593

(5) **રાજ્યના નીતિ નિર્દેશકતત્ત્વ :**

→ બંધારણનો ભાગ–4 રાજ્યના નીતિ નિર્દેશક તત્ત્વો જમ્મુ કશ્મીર પર લાગુ થતું નથી.

(6) **રાજ્ય માટે અલગ બંધારણ :**

→ જમ્મુ કશ્મીર રાજ્યનું પોતાનું આવગું અલગ બંધારણ છે.

(7) **ભારતીય બંધારણીય સુધારા :**

→ અનુચ્છેદ–368 મુજબ બંધારણીય સુધારા જમ્મુ કશમીર પર લાગુ થતા નથી, પરંતુ અનુચ્છેદ–370 મુજબ રાષ્ટ્રપતિના આદેશ દ્વારા ભારતીય બંધારણીય સુધારા જમ્મુ કશ્મીર પર લાગુ કરી શકાય છે.

❖ **જમ્મુ કશ્મીરની રાજભાષા :–**

→ રાજ્યની રાજભાષા ઉર્દુ છે, પરંતુ જ્યાં સુધી રાજ્ય વિધાનમંડળ અન્ય ઉપબંધ(જોગવાઈ) ન કરે ત્યાં સુધી સરકારી કામકાજ માટે અંગ્રેજી ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપે છે.

## જમ્મુ કશ્મીર રાજ્યનું બંધારણ

→ જમ્મુ કશ્મીરના ભારત વિલય સાથે ભારત સરકારે જાહેરાત કરી કે રાજ્યનો ભાવિ બંધારણ અને રાજ્યના ભારતસંઘ સાથેના સંબંધોનું નિર્ધારણ રાજ્યની બંધારણસભા દ્વારા કરવામાં આવશે. આથી રાજ્યની પ્રજા દ્વારા પ્રભુત્વસંપન્ન બંધારણસભાની રચના કરવામાં આવી. જેનો પ્રથમ અધિવેશ 31 ઓક્ટોબર 1956ના રોજ અંતિમ રૂપથી સ્વીકાર કર્યો. જેને 26 જાન્યુઆરી 1957ના રોજ લાગુ કરવામાં આવ્યું.

❖ **જમ્મુ કશ્મીરના બંધારણની વિશેષતાઓ :–**

→ જમ્મુ કશ્મીર રાજ્ય ભારતનું અવિભાજ્ય અંગ છે. જેમાં 15 ઓગસ્ટ 1947ના સમયે જમ્મુ કશ્મીર રાજ્યના સમસ્ત પ્રદેશનો સમાવેશ અર્થાત વર્તમાન POK(Pakistan Occupied Kashmir)નો પણ સમાવેશ થાય છે. ઉપરોક્ત જોગવાઈમાં કોઈ સુધારો થઈ શકે નહિ.

→ જમ્મુ કશ્મીર વિધાનસભાનો તે વિષયો પર કોઈ અધિકાર રહેશે નહિ, જેના પર ભારતીય બંધારણ મુજબ કેન્દ્ર સરકારને રાજ્યમાં કાયદો બનાવવાની શક્તિ આપવામાં આવે છે.

→ જમ્મુ કશ્મીરના રાજ્યપાલની નિમણૂંક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 5 વર્ષ માટે કરવામાં આવે છે.

→ જમ્મુ કશ્મીરના 1957ના બંધારણ મુજબ રાજ્યપાલ 'સદર–એ–રિયાસત(રાષ્ટ્રપતિ)', મુખ્યમંત્રી ' વજીર–એ–આઝમ (મુખ્યમંત્રી)' કહેવાતા હતા, જે 1965માં સુધારા દ્વારા રાજ્યપાલ અને મુખ્યમંત્રી નામકરણ કરી દેવામાં આવ્યું. જમ્મુ કશ્મીરમાં રાજ્યપાલની શક્તિઓ અન્ય રાજ્યના રાજ્યપાલ જેવી, જે મંત્રીપરિષદની સલાહ મુજબ કાર્ય કરે છે.

GK Master 95376 27593

→ જમ્મુ કશ્મીરના બંધારણ મુજબ રાજ્યમાં એક ઉચ્ચન્યાયાલય છે, જેમાં 1 મુખ્ય ન્યાયાધીશ અને 2 અથવા તેથી વધુ અન્ય ન્યાયાધીશ. રાષ્ટ્રપતિ ઉચ્ચન્યાયાલયના ન્યાયાધીશોની નિયુક્તિ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ, રાજ્યના રાજ્યપાલ અને રાજ્યના મુખ્ય ન્યાયાધીશની સહમતિથી કરશે.

→ રાજ્યમાં એક જાહેર સેવા આયોગ હશે, જેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક રાજ્યપાલ કરશે.

→ રાજ્યમાં બંધારણીય સુધારા બંને ગૃહોના કુલ સભ્યોના 2/3 બહુમતીથી થઈ શકે છે, પરંતુ જમ્મુ કશ્મીરના ભારતીય સંઘ સાથેના સંબંધોથી સંબંધિત વિષયો પર કોઈ સુધારા થઈ શકતા નથી.

## યાદ રાખો મિત્રો

→ બ્રિટીશ શાસન સમયે જમ્મુ કશ્મીર પર ડોગરા વંશનું શાસન હતું.

→ ભારત સરકાર જમ્મુ કશ્મીરમાં નાણાંકીય કટોકટી જાહેર કરી શકતું નથી.

→ જમ્મુ કશ્મીર રાજ્યનું બંધારણ 26 જાન્યુઆરી 1957 ના રોજ અમલમાં આવ્યું હતું.

→ જમ્મુ કશ્મીરના રાજ્યપાલની નિમણૂંક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા જ થાય છે. જેનો કાર્યકાળ પણ 5 વર્ષનો છે. તથા જમ્મુ કશ્મીર રાજ્યના ઉચ્ચન્યાયાલયોના ન્યાયાધીશોની નિમણૂંક પણ રાષ્ટ્રપતિ કરે છે.

→ જમ્મુ કશ્મીર વિધાનસભાનો કાર્યકાળ 6 વર્ષ છે.

→ જમ્મુ કશ્મીર રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને તેના સભ્યોની નિમણૂંક રાજ્યપાલ કરે છે.

→ જમ્મુ કશ્મીર રાજ્યની રાજભાષા ઉર્દૂ છે.

→ જમ્મુ કશ્મીરના બંધારણમાં સુધારો કરવાનો અધિકાર રાજ્ય વિધાનમંડળને છે.

→ જો જમ્મુ કશ્મીરમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જાય ત્યારે ભારતના બંધારણના અનુચ્છેદ–356 મુજબ રાષ્ટ્રપતિ શાસન અને જમ્મુ કશ્મીર રાજ્યના બંધારણની કલમ–92 મુજબ રાજ્યપાલનું શાસન એવી જાહેરાત કરવામાં આવે છે.